# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા (HSCE)

### વિજ્ઞાન પ્રવાહ **બીજુ સેમેસ્ટર** પરીક્ષા એપ્રિલ-2013 નો કાર્યક્રમ

| તારીખ/વાર | સમય | વિષય | | | |
|---|---|---|---|---|---|
| 8-4-2013 સોમવાર | 10.30 થી 2.00 | ગણિત | (050) | | |
| 9-4-2013 મંગળવાર | 10.30 થી 2.00 | રસાયણ વિજ્ઞાન | (052) | | |
| 10-4-2013 બુધવાર | 10.30 થી 2.00 | અંગ્રેજી (પ્રથમ ભાષા)<br>અંગ્રેજી (દ્વિતીય ભાષા) | (006)<br>(013) | | |
| 12-4-2013 શુક્રવાર | 10.30 થી 2.00 | ભૌતિક વિજ્ઞાન | (054) | | |
| 13-4-2013 શનિવાર | 10.30 થી 2.00 | ગુજરાતી (પ્રથમ ભાષા)<br>હિન્દી (પ્રથમ ભાષા)<br>મરાઠી (પ્રથમ ભાષા)<br>ઉર્દુ (પ્રથમ ભાષા)<br>સિંધી (પ્રથમ ભાષા) | (001)<br>(002)<br>(003)<br>(004)<br>(005) | ગુજરાતી (દ્વિતીય ભાષા)<br>હિન્દી (દ્વિતીય ભાષા)<br>સંસ્કૃત<br>ફારસી<br>અરબી<br>પ્રાકૃત | (008)<br>(009)<br>(129)<br>(130)<br>(131)<br>(132) |
| | 10.30 થી 12.45 | | | કમ્પ્યુટર એજ્યુકેશન(સૈધ્ધાંતિક) | (331) |
| 15-4-2013 સોમવાર | 10.30 થી 2.00 | જીવ વિજ્ઞાન | (056) | | |

1. તમામ વિષયોની પરીક્ષા બે ભાગમાં લેવામાં આવશે.
2. કમ્પ્યુટર એજ્યુકેશન સૈધ્ધાંત્તિકની પરીક્ષા ફક્ત OMR ઉત્તર પત્રિકાથી લેવામાં આવશે.
3. પ્રથમ ભાગમાં પ્રશ્નપત્રનો PART-A કે જેમાં બહુવિકલ્પ પ્રકારના ( OMR પધ્ધતિથી) ૫૦ પ્રશ્નો હશે. અને તેમાં કુલ ગુણ ૫૦ તથા તેનો સમયગાળો ૬૦ મિનિટનો રહેશે.
4. બીજા ભાગમાં પ્રશ્નપત્રનો PART-B રહેશે જેમાં વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નો રહેશે. દરેક પ્રશ્નપત્રમાં 10-30 થી 10-45 નો સમય OMR પત્રની વિગતો ભરવા તથા પ્રશ્નપત્રનો PART-A તથા PART-Bના વાંચન માટે આપવામાં આવશે.
5. જ્યારે 10-45 થી 11-45 OMR માં PART-A ના જવાબો લખવા માટે આપવામાં આવશે.
6. 11-45 થી 12-00 દરમ્યાન PART-A ની OMR એકત્રિત કરવા તથા PART-B માટે ઉત્તરવહી તથા બારકોડ સ્ટીકરનું વિતરણ કરવાનું રહેશે.
7. 12-00 થી 2-00 નો સમય PART-B ઉત્તરવહીમાં જવાબો લખવા માટે આપવામાં આવશે.
8. 2-00 કલાકે પરીક્ષા પૂર્ણ થશે.
9. OMR ઉત્તર પત્રિકામાં યોગ્ય ખરા વર્તુળને પૂર્ણ કરવા ફક્ત કાળી/ ભૂરી બોલપેનનો ઉપયોગ કરવાનો રહેશે.
10. વિજ્ઞાન પ્રવાહ રસાયણ વિજ્ઞાન (053), ભૌતિક વિજ્ઞાન (055) અને જીવ વિજ્ઞાન (057) વિષયોની પ્રાયોગિક પરીક્ષા સંબંધિત શાળાઓ દ્વારા માર્ચ માસના છેલ્લા અઠવાડિયામાં લેવાની રહેશે જેના ગુણ શાળાએ બોર્ડને તા.15-4-2013 સુધીમાં મોકલવાના રહેશે.
11. કમ્પ્યુટર એજ્યુકેશન (પ્રાયોગિક) (332) વિષયની પ્રાયોગિક પરીક્ષા પણ સંબંધિત શાળા દ્વારા લેવાની રહેશે અને જેના ગુણ શાળાએ બોર્ડને તા. 15-4-2013 સુધીમાં મોકલવાના રહેશે.
12. પરીક્ષાર્થીઓએ પોતે જે માધ્યમમાં ઉત્તરો લખવાના છે તે ભાષાના કોડ નંબર તેમજ લીધેલા વિષયોના કોડ નંબર તથા તે વિષયોની પરીક્ષાની તારીખ, વાર, સમય બાબતે પોતાની શાળામાંથી સંપૂર્ણ માર્ગદર્શન મેળવી લેવું.
13. પરીક્ષાના પ્રથમ દિવસે પરીક્ષાર્થીઓએ પરીક્ષા શરૂ થવાના 30 મિનિટ અગાઉ પરીક્ષા સ્થળે અચૂક પહોંચી જવું. બાકીના દિવસોએ પરીક્ષા શરૂ થવાના 20 મિનિટ અગાઉ હાજર રહેવું.
14. પ્રશ્નપત્રને લગતું કોઈપણ સાહિત્ય, પુસ્તક, ગાઈડ, ચાર્ટ તેમજ મોબાઈલ ફોન જેવા ઈલેક્ટ્રોનિક સાધનો વગેરે પરીક્ષા સ્થળ અને પરીક્ષાખંડમાં લઈ જવાની મનાઈ છે. પરંતુ સાદુ કેલ્કયુલેટર સાથે લઈ જવાની છૂટ રહેશે. તેમ છતાં પરીક્ષાર્થી પાસે પરીક્ષા શરૂ થયા બાદ નિરીક્ષણ દરમિયાન કોઈ પણ સાહિત્ય મળશે, તો તેમની સામે ગેરરીતિનો કેસ નોંધી શકાશે અને શિક્ષાને પાત્ર જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. પરીક્ષાખંડમાં પ્રવેશિકા સિવાય કોઈ પણ પ્રકારનું હાથે લખેલુ કે છાપેલું સાહિત્ય ગેરરીતિનો કિસ્સો નોંધવા માટે પૂરતાં છે તેની ખાસ નોંધ લેવી.

**(જી.એમ. રબારી)**
પરીક્ષા સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર.